

# સારી નૈતિકતા એ સારો વ્યવસાય છે.

## McCain આચારસંહિતા

©McCain Foods Limited 2025

# સામગ્રીઓ.

## નેતૃત્વ સંદેશ

અમારા પ્રમુખ અને CEO તરફથી સંદેશ ..................... 3

## અમારી સંહિતા

અમારી સંહિતાને અનુસરવું........................................5
અમારી જવાબદારીઓ નિભાવવી...............................6
બોલવું અને મદદ લેવી.............................................7
નૈતિક નિર્ણયો લેવા .................................................8

## અમારો પરિવાર

સુરક્ષિત અને સ્વસ્થ કાર્યસ્થળને પ્રોત્સાહન આપવું .................................................10
સતામણી, ધાકધમકી અને ભેદભાવને અટકાવવા..............................................................12
સમાવેશને સ્વીકારીએ...............................................13

## અમારી કંપની

કંપનીની અસ્કયામતોનું રક્ષણ કરવું............................15
ગોપનીય માહિતીની સુરક્ષા કરવી ............................... 16
સચોટ પુસ્તકો અને રેકોર્ડ રાખવા ...............................17
સાયબર સુરક્ષા છેતરપિંડી અટકાવવી ....................... 19

## અમારું માર્કેટપ્લેસ

સુરક્ષિત અને ઉચ્ચ-ગુણવત્તાવાળા ઉત્પાદનો પ્રદાન કરવા...............................................22
કંપનીની પ્રતિષ્ઠાની સુરક્ષા કરવી..............................23
હિતોના સંઘર્ષો જાહેર કરવા અને તેને ટાળવા ................................................................ 24
નિષ્પક્ષ રીતે સ્પર્ધા કરવી ..........................................26
ભ્રષ્ટાચાર અને લાંચ રોકવી ...................................... 28
રાજકીય પ્રક્રિયામાં ભાગ લેવો.................................. 30

## અમારો વૈશ્વિક સમુદાય

પર્યાવરણનું રક્ષણ કરવું અને ટકાઉપણાને પ્રોત્સાહન આપવું 32
માનવ અધિકારોનો આદર કરવો................................32
અમારા સમુદાયોને સમર્થન આપવું.............................33

## અમારાં સંસાધનો

ક્રિયાઓ ..............................................................................35

# મેક્સ તરફથી એક સંદેશ.



McCain ફુડ્સ ખાતે, અમે જે રીતે વ્યવસાય કરીએ છીએ તે સ્વાદિષ્ટ, ગ્રહને અનુકૂળ ખોરાક જે અમે વિશ્વભરમાં ઉત્પન્ન કરીએ છીએ તેટલું જ મહત્ત્વપૂર્ણ છે.

યોગ્ય કાર્ય કરવા માટેની અમારી પ્રતિબદ્ધતા હંમેશાં અમારી સંસ્કૃતિમાં સમાયેલી છે. અમારા સ્થાપકોએ કહ્યું હતું કે "સારી નૈતિકતા એ સારો વ્યવસાય છે", અને તે માન્યતા આજે પણ એટલી જ સાચી છે જેટલી તે જ્યારે અમારી કંપની 1957માં શરૂ થઈ ત્યારે હતી. અમારા સમગ્ર ઇતિહાસમાં, અમે એક અધિકૃત બ્રાન્ડ તરીકે પ્રતિષ્ઠા મેળવી છે અને આજે, તૈયાર બટાકા અને એપેટાઇઝર્સમાં વિશ્વ અગ્રણી તરીકે, અમારા પર વિશ્વભરના લાખો ગ્રાહકો અને ઉપભોક્તાઓ દ્વારા વિશ્વાસ મૂકવામાં આવે છે.

અમારાં મૂલ્યો અને આચાર સંહિતા એ એક કંપની તરીકે અમે કોણ છીએ અને અમે શેના પક્ષમાં છીએ અને શેની વિરુદ્ધ છીએ તેની સ્પષ્ટતા દાખવે છે. અમારી સંહિતા એ સુનિશ્ચિત કરવામાં મદદ કરે છે કે અમે જે પણ કરીએ છીએ તે દરેક બાબતમાં અમે ઉચ્ચતમ નૈતિક ધોરણો જાળવી રાખીએ છીએ, અમારી મૂળભૂત પ્રતિબદ્ધતાઓ નક્કી કરે છે અને અમારી વ્યવસાય પદ્ધતિઓ અને નિર્ણયોને માર્ગદર્શન આપે છે – પછી ભલે તે દરરોજના હોય અને મોટા હોય કે નાના.

અમારી સંહિતાને અનુરૂપ થઈને, અમે સુનિશ્ચિત કરીએ છીએ કે અમારાં દૈનિક નિર્ણયો ગ્રાહકોનો વિશ્વાસ જાળવી રાખે છે અને અમે જ્યાં ઓપરેટ કરીએ છીએ તે સમુદાયોમાં અમારી પ્રતિષ્ઠાનું રક્ષણ કરે છે. એક કર્મચારી તરીકે, તમે McCain પરિવારનો ભાગ છો અને તેથી તમારે અમારી આચાર સંહિતાનું પાલન કરવું જરૂરી છે. જો તમે એવી પરિસ્થિતિનો અનુભવ કરો છો જે તમને લાગે છે કે તે અમારી સંહિતા સાથે અસંગત છે, તો કૃપા કરીને બોલવાની હિંમત રાખશો. આ સંહિતા તમને યોગ્ય નિર્ણય લેવામાં અથવા મદદ કરવા માટે યોગ્ય લોકો સુધી પહોંચવા બાબતે માર્ગદર્શન આપશે.

ચાલો સાથે મળીને ઉત્તમ ભોજન બનાવવાનું અને યોગ્ય રીતે વ્યવસાય કરવાનું ચાલુ રાખીએ.

**મેક્સ કોયુન,**
પ્રમુખ અને CEO
McCain Foods Limited



# અમારી સંહિતા.

અમારી સંહિતાને અનુસરવું

અમારી જવાબદારીઓ નિભાવવી

બોલવું અને મદદ લેવી

નૈતિક નિર્ણયો લેવા

# અમારી સંહિતાને અનુસરવું.

જેમ મેક્સે તેમના સંદેશમાં જણાવ્યું તેમ, અમારા સ્થાપકો માનતા હતા કે "સારી નૈતિકતા એ સારો વ્યવસાય છે". ઘણા દાયકાઓ પછી, આ માન્યતા હજુ પણ અમે McCainમાં કેવી રીતે કાર્ય કરીએ છીએ તેના હાર્દમાં છે. તે આ આચાર સંહિતા (અમારી "સંહિતા")નો પાયો છે. અમારી સંહિતા અમારી તમામ નીતિઓ, માર્ગદર્શિકા અને કામ કરવાની રીતોના આધાર તરીકે કામ કરે છે. તે એક સિદ્ધાંત પર બનેલ છે: આપણે જે કરીએ છીએ તેમાં ઉચ્ચતમ નૈતિક ધોરણોનું પાલન કરવું.

અમારી સંહિતા અમારી કંપનીનાં મૂલ્યો અનુસાર અમે કેવી રીતે કાર્ય કરીએ છીએ તેની ન્યૂનતમ અપેક્ષાઓ નિર્ધારિત કરે છે અને અમે જે નૈતિકતા અને અનુપાલન સંબંધી જોખમોનો સામનો કરીએ છીએ તે સમજવામાં અમારી મદદ કરે છે. તે અમને એ સમજવામાં પણ મદદ કરે છે કે અમે કેવી રીતે તે જોખમોનો સામનો કરી શકીએ અને તેને ઘટાડી શકીએ.

અમારી સંહિતા એવી દરેક પરિસ્થિતિને આવરી શકતી નથી કે જેનો આપણે સામનો કરી શકીએ. આ કારણે, તે નૈતિક નિર્ણયો લેવા માટેના માળખા તરીકે પણ કામ કરે છે. જો તમને ખાતરી ન હોય કે તમે જે પરિસ્થિતિનો સામનો કરી રહ્યાં છો તેમાં અમારી સંહિતા કેવી રીતે લાગુ કરવી, તો યાદ રાખો કે તમારી પાસે સપોર્ટ છે. કૃપા કરીને તમારા મેનેજર સાથે પરિસ્થિતિ વિશે ચર્ચા કરો અથવા તમારી સ્થાનિક અથવા વૈશ્વિક હ્યુમન રિસોર્સીસ (HR) અથવા કાનૂની અને અનુપાલન ટીમોનો સંપર્ક કરો.




**અમારી સમગ્ર સંહિતામાં, અમે "McCain" અથવા "કંપની"નો ઉલ્લેખ કરીએ છીએ જેનો અર્થ McCain Foods Limited અને વિશ્વભરમાં રહેલી તેની પેટાકંપનીઓ છે.**

# આપણી જવાબદારીઓ નિભાવવી.

**McCain માટે જરૂરી છે કે તેના તમામ કર્મચારીઓ, અધિકારીઓ અને નિર્દેશકોએ અમારી સંહિતાનું પાલન કરે. અમે અમારા કોન્ટ્રાક્ટરો, સપ્લાયર્સ અને અન્ય વ્યવસાયિક ભાગીદારો પાસેથી પણ આ ધોરણોને લાગુ પડે તેમ જાળવી રાખવાની અપેક્ષા રાખીએ છીએ.**

**કર્મચારીઓ તરીકે, આપણી આ જવાબદારી છે:**

- અમારી સંહિતા, અમારી નીતિઓ અને કાયદાને અનુસરવું
- ખાતરી કરવી કે આપણે જે કંઈ કરીએ છીએ તેમાં સુરક્ષા મોખરે છે
- પ્રામાણિકતા અને સમગ્રતા સાથે આચરણ કરવું
- આપણા વ્યવહારમાં ન્યાયી અને નૈતિક રીતે કાર્ય કરવું
- વિશ્વાસ અને આદર પર આધારિત કાર્ય વાતાવરણને પ્રોત્સાહન આપવું; આમાં અમે એકબીજા સાથે કેવી રીતે ક્રિયાપ્રતિક્રિયા કરીએ છીએ, અમારા સપ્લાયર્સ, સમુદાયો જેમાં અમે કામ કરીએ છીએ અને અમારા અન્ય હિતધારકોનો સમાવેશ થાય છે
- પ્રશ્નો પૂછો, ચિંતાઓ શેર કરો અને કોઈપણ શંકાસ્પદ સંહિતાના ઉલ્લંઘનોની તાત્કાલિક રીતે જાણ કરો
- સંભવિત ગેરવર્તનની તપાસમાં સહકાર આપો

**જ્યારે આપણે નેતૃત્વની સ્થિતિમાં હોઈએ છીએ, ત્યારે આપણે આ પણ કરવું જોઈએ:**

- અમારી કંપનીનાં મૂલ્યોને હંમેશાં જાળવી રાખીને અન્ય લોકો માટે ઉદાહરણ બનવું
- એક સમાવિષ્ટ વાતાવરણ બનાવો જ્યાં કર્મચારીઓ પ્રશ્નો પૂછવામાં સુરક્ષિત અનુભવે
- ખાતરી કરો કે આપણી ટીમો જાણે અને સમજે કે આપણી સંહિતા તેમને કેવી રીતે લાગુ પડે છે
- ક્યારેય કોઈ કર્મચારીને આપણી સંહિતા, આપણી નીતિઓ અથવા કાયદાનું ઉલ્લંઘન કરવા માટે ન કહો
- ઉચિત લાગે એમ, ઉઠાવવામાં આવેલી બાબતોને આગળ વધારવી



# બોલવું અને મદદ લેવી.

**આપણે બધાએ અમારી સંહિતા, આપણી નીતિઓ અથવા કાયદાના કોઈપણ સંભવિત ઉલ્લંઘનોની જાણ કરવી જોઈએ. જો તમને કોઈ ચિંતા હોય, તો તરત જ નીચેનામાંથી કોઈ એકને તેની જાણ કરવી:**

- મેનેજર
- સ્થાનિક અથવા વૈશ્વિક માનવ સંસાધનના પ્રતિનિધિ
- કાનૂની અને અનુપાલન ટીમના સભ્ય

**જો તમને લાગે કે ઉપરોક્તમાંથી કોઈ એકને જાણ કરવી એ કોઈ વિકલ્પ નથી, તો તમે નીચેની ચેનલો દ્વારા તમારી ચિંતાઓ (અનામી રહેવાના વિકલ્પ સાથે) પણ જાણ કરી શકો છો:**

- ઈમેલ: codeconnection@mccain.com. અમારી વૈશ્વિક અનુપાલન ટીમ દ્વારા આ ઈમેલનું નિરીક્ષણ કરવામાં આવે છે. તેઓ તમારી ચિંતાની પ્રકૃતિના આધારે તમારી ચિંતાને શક્ય તેટલી ગોપનીય રાખશે.
- આના પર ઑનલાઇન: www.mccain.ethicspoint.com
- એથિક્સ હેલ્પલાઇન: (જ્યાં ઉપલબ્ધ હોય) તૃતીય-પક્ષ કૉલ સેન્ટર. ટેલિફોન નંબરોની સંપૂર્ણ સૂચિ પૃષ્ઠ 36 પર આપવામાં આવી છે.

નૈતિકતા રિપોર્ટિંગ વેબસાઇટ અને એથિક્સ હેલ્પલાઇન બહુવિધ ભાષાઓમાં દિવસના 24 કલાક ઉપલબ્ધ છે. કેટલાક અધિકારક્ષેત્રોમાં, McCain એ સ્થાનિક જરૂરિયાતોને અનુરૂપ વ્હિસલબ્લોઅર નીતિઓ અપનાવી છે. જો લાગુ પડે તો, તો તમે તમારી સ્થાનિક નીતિ અનુસાર તમારી ચિંતાઓ પણ જણાવી શકો છો.

અમારી સંહિતાના કોઈપણ સંભવિત ઉલ્લંઘનની યોગ્ય તપાસ કરવામાં આવશે. ત્વરિત અને સત્યતાપૂર્વક સહકાર આપવાની દરેક કર્મચારીની ફરજ છે. સહકાર આપવામાં નિષ્ફળતા એ પોતે જ અમારી સંહિતાનો ભંગ છે.

## પ્રતિશોધ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા.

જ્યારે કંઈક ખોટું હોય ત્યારે બોલવા માટે હિંમતની જરૂર પડે છે. આપણે ચિંતા વ્યક્ત કરવા અને સંભવિત ઉલ્લંઘનોની જાણ કરવા માટે અમારા કર્મચારીઓ પર આધાર રાખીએ છીએ. કંપની એવા કર્મચારીઓ સામે પ્રતિશોધને સાંખી લેતી નથી કે જેઓ સદ્ભાવનાથી ચિંતાઓની જાણ કરે છે. જે કર્મચારીઓ તપાસને સમર્થન આપે છે તેઓને પણ પ્રતિશોધથી સુરક્ષિત કરવામાં આવે છે. જો તમે કોઈપણ સ્વરૂપમાં પ્રતિશોધનો અનુભવ કરો છો અથવા માનો છો કે તમારી સાથે અન્યાયી વર્તન કરવામાં આવ્યું છે, તો તરત જ આ બાબતની જાણ કરો.



# નૈતિક નિર્ણયો લેવા.

કોઈ પગલાં લેતા પહેલાં, આપણે આપણી જાતને પૂછવું જોઈએ કે શું આપણે જે કરવા જઈ રહ્યા છીએ તે આપણી સંહિતાનું પાલન કરે છે, કાયદેસર અને નૈતિક છે અને તે આપણા અને કંપની પર સારી રીતે પ્રતિબિંબિત થશે. કામ પર મુશ્કેલ નિર્ણય લેતી વખતે નીચેના પ્રશ્નોનો માર્ગદર્શન તરીકે ઉપયોગ કરો.






**જો તમે આમાંથી કોઈપણ પ્રશ્નનો જવાબ "ના" આપ્યો હોય, તો તમે જે પગલાં લેવાનું વિચારી રહ્યાં છો તે ન કરવું જોઈએ.** જો તમે કોઈ બીજાના વર્તન વિશે ચિંતિત છો, તો તમારે તમારી ચિંતાઓ વ્યક્ત કરવાની જરૂર છે. તમારા મેનેજર અથવા સ્થાનિક અથવા વૈશ્વિક હ્યુમન રિસોર્સીસ પ્રતિનિધિનો સંપર્ક કરો. તમે કાનૂની અને અનુપાલન ટીમના સભ્યનો પણ સંપર્ક કરી શકો છો અથવા પૃષ્ઠ 35 પર સૂચિબદ્ધ ચેનલોની સૂચિનો પણ ઉપયોગ કરી શકો છો.




# અમારો પરિવાર.

સુરક્ષિત અને સ્વસ્થ કાર્યસ્થળને પ્રોત્સાહન આપવું

સતામણી, ધાકધમકી અને ભેદભાવને અટકાવવા

સમાવેશને સ્વીકારીએ

# સુરક્ષિત અને સ્વસ્થ કાર્યસ્થળને પ્રોત્સાહન આપવું.

**અમે જે પણ કરીએ છીએ તેમાં સુરક્ષાને સર્વોપરી રાખીએ છીએ.**

## તે શા માટે મહત્ત્વનું છે.

**McCainમાં, અમે આરોગ્ય અને સુરક્ષાને પ્રથમ સ્થાન આપીએ છીએ. જો અમે તે સુરક્ષિત રીતે કરી શકતા નથી, તો અમે તે કરતા જ નથી.**



## અમે કેવી રીતે કામ કરી આપીએ છીએ.

- સુરક્ષા માટે આપણે બધા જવાબદાર છીએ. પોતાને અને અન્ય લોકોને સુરક્ષિત રાખવાં માટે આપણે બધા તાત્કાલિક પગલાં લેવા માટે સશક્ત છીએ. ભલેને અમે અમારી ફેસિલિટીઝ, ઑફિસ પૈકી કોઈ એકમાં અથવા રિમોટલી કામ કરી રહ્યા હોઈએ, અમે સુરક્ષા સાથે ક્યારેય બાંધછોડ કરતા નથી.
- અમે તમામ સુરક્ષા સંબંધી ઘટનાઓ, અસુરક્ષિત કૃત્યો અને અસુરક્ષિત પરિસ્થિતિઓની જાણ કરીએ છીએ. આનાથી અમને સુધારણા કરવામાં અને કાર્યસ્થળમાં ઈજાના જોખમને ઘટાડવામાં મદદ મળે છે.
- અમે જ્યાં પણ કામ કરીએ છીએ, સુરક્ષા સંબંધી જાગૃતિ અને સુરક્ષા પહેલા આવે તેવી માનસિકતાને અમે પ્રોત્સાહન આપીશું. અમે નિવારણ પર ભાર મૂકીએ છીએ, કારણ કે દરેક ઈજા અટકાવી શકાય છે અને તે અટકાવવામાં આવવી જોઈએ.
- અમે સુરક્ષા સંબંધી બધી ખામીઓને તાત્કાલિક રીતે સુધારવાં માટે સાથે મળીને કામ કરીશું.
- અમે ડ્રગ્સ, આલ્કોહોલ અથવા માદક પદાર્થોના સેવનની અસરમાં આવીને ક્યારેય પણ કામ કરતા નથી અને અમે એ સ્વીકારીએ છીએ કે તણાવ, માનસિક સ્વાસ્થ્ય અને શારીરિક સ્વાસ્થ્ય પણ સુરક્ષાને અસર કરી શકે છે. અમે એકબીજાને તણાવ અને સુખાકારી વિશે વાત કરવા તથા શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સંબંધી ઉપલબ્ધ સંસાધનોનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહન આપીએ છીએ.

આપણાં માટે. પરિવાર માટે.

# સારી નૈતિકતા.

આપણામાંના દરેકે ખાતરી કરવી જોઈએ કે આપણે બધા કામ પર સુરક્ષિત અને સ્વસ્થ રહીએ. આપણે અસુરક્ષિત પરિસ્થિતિઓને અવગણી શકતા નથી. સુરક્ષા સંબંધી સંભવિત જોખમો માટે આપણે સ્વયંના અને આપણા સહકર્મીઓના ઋણી છીએ. આપણે દરેકે જાણ કરવી જોઈએ અને/અથવા આપણે જે જોઈએ છીએ તેને ઠીક કરવું જોઈએ.

# સારો વ્યવસાય.

**પ્ર** **એક નવા કર્મચારી તરીકે, મારી પાસે મારા કાર્યસ્થળમાં સુરક્ષાને બહેતર બનાવવાની રીતો વિશે કેટલાક વિચારો છે. હું અહીં ઘણા લાંબા સમયથી ન હોવાથી, શું ખરેખર તેનો 'મારી જગ્યા' તરીકે ઉલ્લેખ કરી શકું?**

**જ** *હા! અમે હંમેશાં સુરક્ષામાં સુધારાઓ શોધી રહ્યા હોઈએ છીએ. કૃપા કરીને તેની ચર્ચા તમારા મેનેજર સાથે કરો.*




### વધારાનાં સંસાધનો

- વૈશ્વિક સુરક્ષા સંબંધી સિદ્ધાંતો અને વ્યવસ્થાપન પ્રત્યે પ્રતિબદ્ધતા
- આ બાબતે તમારા સ્થાનિક HRને મળો:
  - સુરક્ષા - નવા કર્મચારીનું ઓનબોર્ડિંગ
  - ઈનકાર કરવાનો અધિકાર
  - ડ્રગ અને આલ્કોહોલ સંબંધી પ્રાદેશિક નીતિ
  - આરોગ્ય અને સુરક્ષા સંબંધી વૈશ્વિક, પ્રાદેશિક અને સ્થાનિક નીતિઓ અને પ્રક્રિયાઓ

# સતામણી, ધાકધમકી અને ભેદભાવને અટકાવવા.

**અમે એકબીજાની સાથે નિષ્પક્ષતા અને આદર સાથે વર્તીએ છીએ.**

## તે શા માટે મહત્ત્વનું છે.

**આપણી બધી ક્રિયાપ્રતિક્રિયાઓમાં આદરભાવ રાખવાથી આપણાં જોડાણો મજબૂત બને છે. તે સુરક્ષિત, સ્વસ્થ કાર્ય વાતાવરણ બનાવવામાં મદદ કરે છે.**



## અમે કેવી રીતે કામ કરી આપીએ છીએ.

- અમે હંમેશાં એક બીજા સાથે ગૌરવ અને આદર સાથે વર્તીએ છીએ.
- આપણે આક્રમક, અપમાનજનક અથવા ધમકી આપતી ભાષા અને ક્રિયાઓ ટાળીએ છીએ. આમાં લોકો અથવા તેમના વિચારોનું અપમાન અને ઉપહાસનો સમાવેશ થાય છે. તેમાં કોઈપણ પ્રકારના અણગમતા શારીરિક સંપર્કનો પણ સમાવેશ થાય છે.
- આપણે કોઈપણ ભૂલને સમજવા માંગીએ છીએ, માફી માંગીએ છીએ અને તેને ફરીથી કરવાનું ટાળીએ છીએ.
- આપણે સહકાર્યકરોને મંતવ્યો અને વિચારો વ્યક્ત કરવા પ્રોત્સાહિત કરીએ છીએ. આપણે સૌજન્ય અને આદર સાથે બીજાના દૃષ્ટિકોણોને સાંભળીએ છીએ.
- આપણે એકબીજાનો ખ્યાલ રાખીએ છીએ. જો આપણે જાતીય સતામણી સહિત ઉત્પીડન અથવા અપમાનજનક આચરણના સાક્ષી બનીએ, તો આપણે ત્યારે જ બોલવું જોઈએ. જો તે સુરક્ષિત ન લાગે, તો આપણે પૃષ્ઠ 35 પર સૂચિબદ્ધ ઉપલબ્ધ ચેનલોમાંથી એક દ્વારા તેની જાણ કરીએ છીએ.

## સારો વ્યવસાય.

**પ્ર** **મારી ટીમના એક સભ્ય અમારી ટીમની અન્ય વ્યક્તિની બધાની સામે વારંવાર ટીકા કરે છે. તે વાજબી લાગતું નથી. હું જાણું છું કે હું સીધી રીતે શામેલ નથી, પણ તે મને અસ્વસ્થતાનો અનુભવ કરાવે છે. મારે શું કરવું જોઈએ?**

**જ** *એક વ્યક્તિની વારંવાર જાહેર ટીકા સતામણીનું નિર્માણ કરી શકે છે. જો તમને અનુકૂળ લાગે, તો આ મુદ્દાને સીધો જ ટીમના તે સભ્ય સામે ઉઠાવો જે ટીકાત્મક છે. નહિંતર, તમારા મેનેજર, સ્થાનિક HR સાથે વાત કરો અથવા પૃષ્ઠ 35 પર સૂચિબદ્ધ ચેનલોમાંથી એક દ્વારા તેની જાણ કરો. ભલેને વ્યક્તિને ભોગ બન્યા હોવાનું ન લાગે તો પણ, તે એક ઝેરી કાર્ય વાતાવરણ બનાવી શકે છે.*

# સમાવેશને સ્વીકારીએ.

**અમે એવું કાર્યસ્થળ રચીએ છીએ જ્યાં દરેક વ્યક્તિનું આનંદથી સ્વાગત થાય છે અને દરેકને સમ્માન આપવામાં આવે છે.**

## તે શા માટે મહત્ત્વનું છે.

**અમે દરેક કર્મચારી માટે પસંદગીનું કાર્યસ્થળ બનવા માટે પ્રતિબદ્ધ છીએ – જ્યાં નેતૃત્વ, માળખું અને પારસ્પરિક સંબંધો હોય કે વ્યક્તિ પોતાનું અસ્તિત્વ જાળવીને આત્મવિશ્વાસપૂર્વક પોતાની ભૂમિકા નિભાવી શકે.**

**હમણાં, અને આવનારી પેઢીઓ માટે.**



## અમે કેવી રીતે કામ કરી આપીએ છીએ.

- અમે અમારા મતભેદોને સ્વીકારીએ છીએ અને નિષ્પક્ષતા અને તક માટે શરતો બનાવીએ છીએ.
- અમે આદરપૂર્ણ, વિનમ્ર અને સમાવિષ્ટ વર્તનનો આદર્શ પ્રસ્તુત કરીએ છીએ.
- વિવિધ પ્રકારની ટીમો બનાવી છે, જે અમારી વૈશ્વિક કામગીરીનો લાભ લે છે.
- અમે સંબંધ અને માનસિક સુખાકારી કેળવીએ છીએ.
- અમે વિવિધ દૃષ્ટિકોણ અને મંતવ્યોને સક્રિયપણે શોધીએ છીએ તથા સાંભળીએ છીએ.
- અમે વર્તન અને ક્રિયાઓ જે અમારાં મૂલ્યો સાથે વિરોધાભાસી છે તે વિશે વાત કરીએ છીએ.

## સારી નૈતિકતા.

નવીનતા, સહયોગ અને ખુલ્લી માનસિકતા આપણી સફળતાના મુખ્ય આધાર છે.

આપણે સૌએ પોતાના પૂર્વગ્રહો પર જાગૃતિ રાખવી અને તેને દૂર કરવા માટે સક્રિય પ્રયાસ કરવો જોઈએ. આ રીતે, આપણે વિવિધ દૃષ્ટિકોણોને આવરી શકીએ છીએ, જે આપણાં કામકાજના સમુદાયોને પ્રતિબિંબિત કરે છે.

કંપનીની અંદર વિવિધતાનો લાભ દરેક માટે છે.સારી નૈતિકતા એ છે કે દરેક જણ મળીને એવી સંસ્કૃતિ ઊભી કરે જ્યાં દરેકને માન, મૂલ્ય અને વિકસવા માટે તક મળે



# અમારી કંપની.

કંપનીની અસ્કયામતોનું રક્ષણ કરવું

ગોપનીય માહિતીની સુરક્ષા કરવી

સચોટ બુક્સ અને રેકોર્ડ રાખવા

સાયબર સુરક્ષા છેતરપિંડી અટકાવવી


અમારી સંહિતા.

અમારો પરિવાર.

અમારી કંપની.

અમારું માર્કેટપ્લેસ.

અમારો વૈશ્વિક સમુદાય.

અમારાં સંસાધનો.

# કંપનીની અસ્કયામતોનું રક્ષણ કરવું.

**અમે અમારી કંપનીની અસ્કયામતોની સુરક્ષા કરીએ છીએ. તે આપણા ભવિષ્યની આધારશીલા છે અને આપણા ગ્રાહકો અને સમુદાયોને વધુ સારી રીતે સેવા આપવામાં અમારી મદદ કરે છે.**

## તે શા માટે મહત્વનું છે.

**McCainની અસ્કયામતો અમારા કર્મચારીઓની, ભૂતકાળ અને વર્તમાનની સખત મહેનતનું પરિણામ છે. આપણી નફાકારકતા અને ટકાઉ લાંબા-ગાળાની વૃદ્ધિ માટે જરૂરી છે કે અમે અમારી અસ્કયામતોની સુરક્ષા કરીએ અને તેનો સમજદારીપૂર્વક ઉપયોગ કરીએ.**



## અમે કેવી રીતે કામ કરી આપીએ છીએ.

- અમે હંમેશાં McCainની અસ્કયામતોને જવાબદારીપૂર્વક હેન્ડલ કરીએ છીએ અને McCainની નીતિઓને અનુસરીએ છીએ.
- અસ્કયામતોને નુકસાન, દુરુપયોગ, વેડફાટ, ખોવાઈ કે ચોરાઈ ન જાય તેની ખાતરી કરવા અમે પગલાં લઈએ છીએ.
- અમે અસ્કયામતોના કોઈપણ નુકસાન, દુરુપયોગ અથવા દુરુપયોગની ઝડપથી જાણ કરીએ છીએ.
- McCainને બંધનકર્તા હોય તેવા કોઈપણ કરાર, એગ્રીમેન્ટ અથવા કાર્યના અવકાશને મંજૂરી આપતા અથવા અમલમાં મૂકતા પહેલાં અમે અમારી વૈશ્વિક સત્તા મર્યાદા નીતિને અનુસરીએ છીએ.
- અમે સુનિશ્ચિત કરીએ છીએ કે ચુકવણીઓની પ્રક્રિયા પહેલાં તેને યોગ્ય મંજૂરીઓ અને તેના સહાયક દસ્તાવેજો છે.

## સારો વ્યવસાય.

**પ્ર** **મને મારું લેપટોપ મળતું નથી અને મને ખબર નથી કે તે ખોવાઈ ગયું કે ચોરાઈ ગયું છે. હું વેકેશન માટે જવાનો/જવાની છું. જ્યારે હું પાછો/પાછી આવું ત્યારે હું આનો ઉકેલ લાવીશ. શું તે ઠીક છે?**

**જ** *જો તમને લાગે છે કે તમારું ડિવાઇસ ખોવાઈ ગયું છે અથવા ચોરાઈ ગયું છે, તો રાહ ન જોશો. ગ્લોબલ IT સિક્યુરિટી ડેસ્કને તરત જ તેની જાણ કરો. તેઓ મહત્વપૂર્ણ ઈલેક્ટ્રોનિક ડેટાની સંભવિત ચોરીથી McCainને બચાવવા માટે દૂરસ્થ પગલાં લઈ શકે છે. તેમાં ગોપનીયતા સંબંધી સમસ્યાઓ પણ હોઈ શકે છે જેની સમીક્ષા કરવાની જરૂર છે.*

### વધારાનાં સંસાધનો

- સત્તા મર્યાદાઓ સંબંધી વૈશ્વિક નીતિ
- કોર્પોરેટ કાર્ડ સંબંધી વૈશ્વિક નીતિ
- ડેટા ભંગની જાણ કરવા સંબંધી વૈશ્વિક પ્રક્રિયા
- વૈશ્વિક ઈ-મેલ માર્ગદર્શિકા
- મુસાફરી અને ખર્ચ સંબંધી વૈશ્વિક નીતિ
- સ્વીકાર્ય ઉપયોગ સંબંધી વૈશ્વિક નીતિ

# ગોપનીય માહિતીની સુરક્ષા કરવી.

**અમે બિન-જાહેર માહિતીની સંવેદનશીલતાનો આદર કરીએ છીએ અને તેને ધ્યાનથી હેન્ડલ કરીએ છીએ. આમાં એવી માહિતીનો સમાવેશ થાય છે જે અન્ય લોકો સાથે સંબંધિત હોઈ શકે છે.**

## તે શા માટે મહત્ત્વનું છે.

**McCainની (નાણાકીય અને અન્ય સંવેદનશીલ માહિતી સહિતની) ગોપનીય માહિતી એ એક મહત્ત્વપૂર્ણ અસ્કયામત છે જે આપણને સ્પર્ધાત્મક લાભ આપે છે. તેનો અનધિકૃત ઉપયોગ અથવા પ્રકાશન આ લાભના નુકસાનનું કારણ બની શકે છે અને તૃતીય પક્ષો સાથેના અમારા વ્યવસાયિક સંબંધોને નુકસાન પહોંચાડી શકે છે. વ્યક્તિગત માહિતીને સુરક્ષિત રાખવા માટે અમારી કાનૂની અને નૈતિક જવાબદારીઓ છે.**

## અમે કેવી રીતે કામ કરી આપીએ છીએ.

- અમે અમારા હેતુઓ માટે જરૂરી ન્યૂનતમ માહિતી એકત્રિત કરીએ છીએ.
- જ્યાં સુધી તેની જરૂર હોય ત્યાં સુધી જ અમે માહિતી જાળવી રાખીએ છીએ.
- અમે કોઈપણ વ્યક્તિગત અથવા ગોપનીય માહિતીને સુરક્ષિત કરીએ છીએ જે અમને સોંપવામાં આવી છે.
- અમે ગોપનીય માહિતીની ઍક્સેસને "જાણવાની જરૂરિયાત" ધરાવતા અધિકૃત વ્યક્તિઓ સુધી મર્યાદિત કરીએ છીએ.
- અમે ગોપનીય માહિતી ફક્ત મંજૂરી સાથે જ જાહેર કરીએ છીએ અને જ્યારે કોઈ માન્ય વ્યવસાયની જરૂર હોય ત્યારે.
- અમે ક્યારેય વ્યક્તિગત લાભ માટે ગોપનીય માહિતીનો ઉપયોગ કરતા નથી.
- અમે જાહેર સ્થળોએ અથવા પરિવાર તથા મિત્રો સાથે ગોપનીય બાબતોની ચર્ચા કરતા નથી.
- અમે કંપની પરિસરમાં મુલાકાતીઓની સુરક્ષા કરીએ છીએ. અમે તેમને પ્રતિબંધિત વિસ્તારોમાં જવાની મંજૂરી આપતા નથી અને અમે ગોપનીય માહિતીને નજરથી દૂર રાખવા પ્રત્યે સજગ છીએ.
- અમે કોઈપણ ચિંતાઓની તાત્કાલિક રીતે જાણ કરીએ છીએ.

## સારી નૈતિકતા.

સમયાંતરે, અમને અમારા વ્યવસાય અથવા અમારા ઉદ્યોગથી સંબંધિત માહિતી પ્રદાન કરવાની વિનંતીઓ પ્રાપ્ત થાય છે જે હકીકતમાં અમારી ગોપનીય માહિતીનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરે છે. અમે ઔપચારિક મંજૂરી વિના બહારના કોઈપણ પક્ષને ક્યારેય સલાહ આપતા નથી અથવા કોઈપણ કન્સલ્ટિંગ કાર્ય (પછી સવેતન હોય કે અવેતન) સ્વીકારતા નથી.

## સારો વ્યવસાય.

**પ્ર** **મારા સાથીદારે મારો એક સરસ ફોટો લીધો. કમનસીબે પૃષ્ઠભૂમિમાં ગોપનીય માહિતી સાથેનું વ્હાઇટબોર્ડ છે. શું હું હજી પણ તેનો ઉપયોગ મારા આંતરિક પ્રોફાઇલ ચિત્ર તરીકે કરી શકું?**

**જ** *ના. ગોપનીય માહિતી કાળજીપૂર્વક સુરક્ષિત રાખવી જોઈએ. માત્ર અસલ "જાણવાની જરૂર" ધરાવતાં લોકોએ તેને જોવું જોઈએ. પ્લાન્ટ, ફેસિલિટી અથવા કોઈપણ જગ્યા કે જ્યાં ગોપનીય માહિતી દેખાઈ શકે તેની અંદર ફોટા લેતા પહેલાં યોગ્ય મંજૂરી મેળવો. જો તમારી પાસે ફોટો લેવાની પરવાનગી હોય, તો તમે આંતરિક રીતે પણ તેનો ઉપયોગ કરો તે પહેલાં ગોપનીય માહિતીને દૂર કરો અથવા માસ્ક કરો.*

# સચોટ પુસ્તકો અને રેકોર્ડ રાખવા.

**અમે સચોટ નાણાકીય અને વ્યવસાય રેકોર્ડ રાખીએ છીએ.**

## તે શા માટે મહત્ત્વનું છે.

**અમારા વ્યવસાયને સુરક્ષિત રાખવા માટે, અમે અમારા નિર્ણયોને વિશ્વસનીય નાણાકીય અને વ્યવસાય માહિતી પર આધારિત રાખીએ છીએ. અમારા શેરધારકો અને અન્ય હિસ્સેદારોને પણ સાચી અને સચોટ માહિતીની જરૂર છે.**



## અમે કેવી રીતે કામ કરી આપીએ છીએ.

- અમે તમામ વ્યવસાયિક વ્યવહારોને સંપૂર્ણ, સચોટ અને સમયસર રેકોર્ડ કરીએ છીએ. અમે યોગ્ય એકાઉન્ટ્સ અને વિભાગો (ખર્ચ કેન્દ્રો)માં વ્યવહારોને રેકોર્ડ કરીએ છીએ. અમે આવક અથવા ખર્ચના રેકોર્ડિંગમાં ક્યારેય વિલંબ કરતા નથી કે વેગ આપતા નથી.
- અમે સુનિશ્ચિત કરીએ છીએ કે કોઈ અપ્રગટ અથવા બિન-રેકોર્ડેડ ભંડોળ અથવા સંપત્તિ જાળવવામાં આવી નથી.
- અમે વિગતવાર નાણાકીય રેકોર્ડ કાળજીપૂર્વક જાળવીએ છીએ. આમાં વ્યવહારો, ટાઇમકીપિંગ અને ખર્ચના રિપોર્ટ શામેલ છે.
- અમે સુનિશ્ચિત કરીએ છીએ કે રેકોર્ડ્સ સુરક્ષિત છે અને યોગ્ય લોકોને તેમના પર નિયંત્રિત પ્રવેશ આપવામાં આવે છે.
- અમે સુનિશ્ચિત કરીએ છીએ કે બધા આંતરિક રેકોર્ડ્સ રેકોર્ડ કરેલી બાબતોને ચોક્કસ રીતે પ્રતિબિંબિત કરે છે.
- અમે રેકોર્ડ્સના સંચાલન, જાળવણી અને નાશ માટેની નીતિઓનું પાલન કરીએ છીએ.

## સારી નૈતિકતા.

અમે આંતરિક નિયંત્રણોની સિસ્ટમ માટે પ્રતિબદ્ધ છીએ જે અમારા રેકોર્ડ્સની ચોકસાઈને સુનિશ્ચિત કરે છે. આ નિયંત્રણો આપણી કંપનીનાં સંસાધનો અને પ્રતિષ્ઠા માટે ખતરો હોય તેવી છેતરપિંડીને શોધી કાઢવા અને તેને અટકાવવામાં પણ મદદ કરે છે. જો તમે માનતા હો કે એન્ટ્રી અથવા ચુકવણી ખોટી રીતે કરવામાં આવી હતી અથવા તે આપણા ધોરણો સાથે સુસંગત નથી, તો તરત જ ચિંતાની જાણ કરો. કાનૂની અને અનુપાલન ટીમના સભ્ય, તમારા સ્થાનિક નાણાકીય ડિરેક્ટર અથવા વૈશ્વિક આંતરિક ઑડિટ ટીમના સભ્યનો સંપર્ક કરો. તમે પૃષ્ઠ 35 પર સૂચિબદ્ધ કોઈપણ ચેનલો દ્વારા પણ અનામી રૂપે જાણ કરી શકો છો.

# સારો વ્યવસાય.

**પ્ર** **એક સહકાર્યકરે મને તેમના માટે ક્લૉક ઈન કરવાનું કહ્યું. તેઓ તેમનો સેલ ફોન ગાડીમાં ભૂલી ગયા અને કહ્યું કે તેઓ તરત જ પાછા આવે છે. શું મારે તે કરવું જોઈએ?**

**જ** *ના. દરેક કર્મચારીએ પોતાની જાતે જ ક્લૉક ઇન (અને આઉટ) કરવું જોઇએ. આ સુનિશ્ચિત કરે છે કે તેમની ટાઇમશીટ ચોક્કસ રીતે બતાવે કે તેઓ કામ પર કેટલા કલાક હતા.*

**પ્ર** **આજે મહિનાનો છેલ્લો દિવસ છે અને મારો રિપોર્ટ બતાવે છે કે આપણા વિભાગ પાસે થોડું ઓછું બજેટ છે. મારા મેનેજરે મને ટાર્ગેટ પૂરો કરવા માટે આગલા મહિનાના એક કે બે ખર્ચ ઉમેરવાની સૂચના આપી છે. શું આ યોગ્ય છે?**

**જ** *ના. આપણા નાણાકીય રેકોર્ડ સાચા હોવા જોઇએ અને કંપનીના નાણાકીય પરિણામોનું સંપૂર્ણ પ્રતિબિંબ હોવું જોઇએ. તમારે તમારા મેનેજરને આ વાત જણાવવી જોઇએ અને જો તેઓ તમને રેકોર્ડ બદલવાનો આગ્રહ કરે, તો તરત જ તેની જાણ કરો.*




### વધારાનાં સંસાધનો

- વૈશ્વિક રેકોર્ડ મેનેજમેન્ટ નીતિ અને માર્ગદર્શિકાઓ

# સાયબર સુરક્ષા છેતરપિંડી અટકાવવી.

**અમે સાયબર સુરક્ષા જોખમોના ખતરા અને તેમની સામે કેવી રીતે રક્ષણ કરવું તે અંગે સતર્ક રહીએ છીએ.**

## તે શા માટે મહત્ત્વનું છે.

**વૈશ્વિક સ્તરે સાયબર સુરક્ષાના જોખમો વધી રહ્યાં છે. આપણે એ સુનિશ્ચિત કરવું આવશ્યક છે કે આપણે આપણી સિસ્ટમ અને ડેટાની અનધિકૃત ઍક્સેસને રોકવા માટે હંમેશાં સાવચેત છીએ. સાયબર સુરક્ષા એ દરેકની જવાબદારી છે.**



## અમે કેવી રીતે કામ કરી આપીએ છીએ.

- McCain ટેક્નોલોજીના ઉપયોગ વિશેની બધી નીતિઓ અને દિશાનિર્દેશોનું પાલન કરવા સહિત અમારી ઇલેક્ટ્રોનિક સિસ્ટમ્સનો ઉપયોગ કરતી વખતે અમે જવાબદારીપૂર્વક કાર્ય કરીએ છીએ. આમાં ડેટાનો સંગ્રહ, પ્રક્રિયા અથવા ટ્રાન્સમિટ કરવાનો સમાવેશ થાય છે.
- અમે સુનિશ્ચિત કરીએ છીએ કે ફક્ત અધિકૃત વપરાશકર્તાઓને તેમની નોકરી કરવા માટે જરૂરી સિસ્ટમ્સ અને ડેટાની ઍક્સેસ છે.
- અમે વપરાશકર્તા ID અને પાસવર્ડની સુરક્ષા કરીએ છીએ, તેમને નિયમિતપણે બદલીએ છીએ અને તેમને ક્યારેય શેર કરતા નથી.
- અમે કમ્પ્યુટર ઇક્વિપમેન્ટને હંમેશાં સલામત અને સુરક્ષિત રાખીએ છીએ. આ ઇક્વિપમેન્ટમાં લેપટોપ, સ્માર્ટફોન અને સ્ટોરેજ ડિવાઇસેસનો સમાવેશ થાય છે, પછી ભલે તે અમારા પરિસરમાં હોય કે બહાર.
- અમે સુનિશ્ચિત કરીએ છીએ કે દૂર કરી શકાય તેવા McCain દ્વારા જારી કરાયેલ મીડિયા પર સંગ્રહિત કોઈપણ ડેટા (અનુમતિની હદ સુધી) સુરક્ષિત રીતે જાળવવામાં આવે છે.
- અમે ક્યારેય શંકાસ્પદ ઈ-મેલ જોડાણો ખોલતા નથી અથવા શંકાસ્પદ હાઇપરલિંક્સને અનુસરતા નથી. અમે તેમની જાણ કરવા માટે "સંદેશની જાણ કરો" બટનનો ઉપયોગ કરીએ છીએ. અમે જાણીએ છીએ કે આ સંદર્ભમાં "શંકાસ્પદ" અને "સંશયાત્મક"નો અર્થ શું છે.
- અમે ફક્ત વ્યવસાયિક હેતુઓ માટે કંપનીના ઈમેલ સરનામાં/એકાઉન્ટ્સનો ઉપયોગ કરીએ છીએ.

# સારી નૈતિકતા.

માહિતીને સુરક્ષિત રાખવા અને છેતરપિંડીથી બચવા માટે અમે હંમેશાં અમારા સુરક્ષા અને જાગૃતિ કાર્યક્રમોને અપડેટ કરીએ છીએ. ધ્યાન રાખો કે "ફિશીંગ" એ સોશિયલ એન્જિનિયરિંગની લોકપ્રિય પદ્ધતિ છે. ગુનેગારો અધિકૃત અને કાયદેસર સંસ્થાઓ તરફથી આવેલા હોય તેવા જણાતા બોગસ ઈમેલ મોકલે છે. એમ્બેડેડ લિંક્સ પ્રાપ્તકર્તાને હોક્સ વેબસાઇટ પર નિર્દેશિત કરે છે જ્યાં લૉગ-ઇન અથવા વ્યક્તિગત વિગતોની વિનંતી કરવામાં આવે છે. આ રીતે, વપરાશકર્તાનામ અને પાસવર્ડ્સ જેવી મહત્ત્વપૂર્ણ વ્યક્તિગત વિગતો ચોરાઈ જાય છે. લિંક્સ પર ક્લિક કરવાથી અથવા જોડાણો ખોલવાથી પ્રાપ્તકર્તાને વાયરસનો સામનો કરવો પડે છે. આ પ્રકારની પ્રવૃત્તિ સામે રક્ષણ મેળવવા માટે તાલીમ અને નીતિઓ બાબતે અપ ટુ ડેટ રહો.

# સારો વ્યવસાય.

**પ્ર** **મેં એક સુપરવાઈઝરને આપણી સિસ્ટમ માટે અન્ય વ્યક્તિની લૉગ-ઇન માહિતીનો ઉપયોગ કરતા જોયા. તેઓએ કહ્યું કે તેઓ એક સહકાર્યકરને મદદ કરી રહ્યા હતા. શું તે બરાબર છે?**

**જ** *ના. બધા પાસવર્ડ અને ID કર્મચારી-વિશિષ્ટ છે અને શેર કરી શકાતા નથી. પાસવર્ડ અને IDને અનન્ય રાખવાથી અનધિકૃત ઍક્સેસ સામે રક્ષણ મળે છે. તે અમને અમે ઉપયોગ કરીએ છીએ તે સિસ્ટમ્સમાં પ્રવૃત્તિઓને ટ્રેસ કરવાની અને ઑડિટ કરવાની પણ મંજૂરી આપે છે.*




### વધારાનાં સંસાધનો

- ડેટા ભંગની જાણ કરવા સંબંધી વૈશ્વિક પ્રક્રિયા
- સ્વીકાર્ય ઉપયોગ સંબંધી વૈશ્વિક નીતિ
- વૈશ્વિક કર્મચારી ગોપનીયતા નીતિ
- વૈશ્વિક ગોપનીયતા નીતિ
- વૈશ્વિક રેકોર્ડ મેનેજમેન્ટ નીતિ



# અમારું માર્કેટપ્લેસ.

સુરક્ષિત અને ઉચ્ચ-ગુણવત્તાવાળા ઉત્પાદનો પ્રદાન કરવા

કંપનીની પ્રતિષ્ઠાની સુરક્ષા કરવી

હિતોના સંઘર્ષો જાહેર કરવા અને ટાળવા

નિષ્પક્ષ રીતે સ્પર્ધા કરવી

ભ્રષ્ટાચાર અને લાંચ રોકવી

રાજકીય પ્રક્રિયામાં ભાગ લેવો


અમારી સંહિતા.

અમારો પરિવાર.

અમારી કંપની.

અમારું માર્કેટપ્લેસ.

અમારો વૈશ્વિક સમુદાય.

અમારાં સંસાધનો.

# સુરક્ષિત, ઉચ્ચ-ગુણવત્તાવાળાં ઉત્પાદનો પ્રદાન કરવાં.

**અમે સુરક્ષિત, ઉચ્ચ-ગુણવત્તાવાળાં ઉત્પાદનોનું ઉત્પાદન કરીએ છીએ જેના પર અમારા ગ્રાહકો અને ઉપભોક્તા વિશ્વાસ કરી શકે.**

## તે શા માટે મહત્ત્વનું છે.

**અમારાં મૂલ્યો, વર્તનો અને પ્રક્રિયાઓ ખાદ્ય સુરક્ષા અને ગુણવત્તાના ઉચ્ચ ધોરણો પર આધારિત છે. અમે અમારી બ્રાન્ડ્સ અને અમારી સપ્લાયર તરીકેની વિશ્વાસપાત્રતા પર ખૂબ ગર્વ અનુભવીએ છીએ.**

## અમે કેવી રીતે કામ કરી આપીએ છીએ.

- અમે અમારી ખાદ્ય સુરક્ષા અને ગુણવત્તા સંબંધી નીતિઓને સમજીએ છીએ. અમે ઉત્પાદન, સંગ્રહ અને વિતરણના દરેક તબક્કે તેમનું પાલન કરીએ છીએ.
- અમે ક્યારેય શૉર્ટકટ લેતા નથી, નિયંત્રણોને બાયપાસ કરતા નથી અથવા ખોરાકની સુરક્ષા સાથે ચેડાં કરતા નિર્ણયો લેતા નથી.
- અમે અમારાં ઉત્પાદનો વિશે પ્રામાણિક અને નૈતિક રીતે વાતચીત કરીએ છીએ.
- અમે હંમેશાં પ્રામાણિકતા અને પારદર્શિતા સાથે કામ કરીએ છીએ. અમે કોઈપણ શંકાસ્પદ ગુણવત્તા અથવા ખાદ્ય સુરક્ષા સંબંધી સમસ્યા વિશે સક્રિયપણે ચિંતા વ્યક્ત કરીએ છીએ.



## સારી નૈતિકતા.

અમે સ્વાદિષ્ટ, ગ્રહને અનુકૂળ ખોરાકનું ઉત્પાદન કરવા માટે અમને અમારાં મૂલ્યો દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે જેના પર ગ્રાહકોનો વિશ્વાસ છે. અમે જવાબદાર ખાદ્ય સુરક્ષા પ્રથાઓના અમારા પોતાના ઉચ્ચ ધોરણોનું પાલન કરીએ છીએ, જેમાં તે લાગુ પડતા કાનૂની અને નિયમનકારી આવશ્યકતાઓને ઓળંગે છે.

**વધારાનાં સંસાધનો**

- ખાદ્ય સુરક્ષા અને ગુણવત્તાના મુખ્ય તત્વો

# કંપનીની પ્રતિષ્ઠાની સુરક્ષા કરવી.

**અમે અધિકૃત રીતે અને પ્રમાણિકપણે વાતચીત કરીએ છીએ. અમારી મહેનતથી કમાયેલી પ્રતિષ્ઠાને સુરક્ષિત કરવી અને વધારવી એ અમારી સફળતા જાળવી રાખવા માટે મુખ્ય છે.**



## તે શા માટે મહત્ત્વનું છે.

**અમે એક અવાજે બોલીએ છીએ કારણ કે આપણા ગ્રાહકો અને સમુદાયો સ્પષ્ટ અને સચોટ માહિતીને પાત્ર છે. આ, ખોટી માહિતીને જાહેર થવાથી અટકાવે છે જે અમારી બ્રાન્ડમાં મૂકવામાં આવેલા વિશ્વાસને નુકસાન પહોંચાડી શકે છે.**



## અમે કેવી રીતે કામ કરી આપીએ છીએ.

- અમે બધી મીડિયા વિનંતીઓનો સંદર્ભ વૈશ્વિક બાહ્ય બાબતો ડીપાર્ટમેન્ટને આપીએ છીએ. જ્યાં સુધી આમ કરવા માટે અધિકૃત ન હોય ત્યાં સુધી અમે મીડિયાને McCain વિશે ક્યારેય ટિપ્પણી આપતા નથી.
- જો સામૂહિક પ્રેક્ષકો સુધી પહોંચતી સામગ્રી વિકસાવવામાં આવે તો અમે વૈશ્વિક બાહ્ય બાબતો સાથે પરામર્શ કરીએ છીએ. આ ખાતરી કરે છે કે મેસેજિંગ અને બ્રાન્ડ છબી યોગ્ય છે.
- અમે સોશિયલ મીડિયાનો ઉપયોગ સમજદારીપૂર્વક કરીએ છીએ, એ સ્પષ્ટ કરીને કે કોઈપણ વ્યક્તિગત પોસ્ટ અમારા પોતાના વ્યક્તિગત મંતવ્યો છે. જો કંપની વિશે પોસ્ટ કરવામાં આવે તો અમે અમારી પ્રોફાઇલમાં McCainના કર્મચારી છીએ તેમ સૂચવીએ છીએ. અમે McCain પ્રત્યેની અમારી જવાબદારીઓનું ઉલ્લંઘન કરતી કોઈપણ વસ્તુ પોસ્ટ કરવાનું ટાળીએ છીએ.
- જ્યારે કંપની વતી પોસ્ટ કરવાની પરવાનગી આપવામાં આવે છે, ત્યારે અમે માન્ય એકાઉન્ટ્સ અને મેસેજિંગનો ઉપયોગ કરીએ છીએ.
- અમે ક્યારેય ગોપનીય અથવા માલિકીની માહિતી જાહેર કરતા નથી. આકસ્મિક જાહેરાતો (જેમ કે ફોટોગ્રાફ્સની પૃષ્ઠભૂમિમાં) ટાળવા માટે અમે સાવચેત છીએ.

**વધારાનાં સંસાધનો**

- વૈશ્વિક ડિજિટલ અને સોશિયલ મીડિયા શાસન નીતિ
- વૈશ્વિક ઈ-મેલ માર્ગદર્શિકા
- વૈશ્વિક મીડિયા નીતિ

# હિતોના સંઘર્ષો જાહેર કરવા અને ટાળવા.

**અમે હિતના બધા વાસ્તવિક અને સંભવિત સંઘર્ષોને જાહેર અને સંચાલિત કરીએ છીએ. અમે એવી પરિસ્થિતિઓને ટાળીએ છીએ જે કંપની પ્રત્યેની અમારી જવાબદારીઓ કરતાં વ્યક્તિગત લાભને આગળ રાખે છે.**

## તે શા માટે મહત્ત્વનું છે.

**અમે વિભાજિત વફાદારી વિના અમારાં લક્ષ્યોને અનુસરવા માટે સારા નિર્ણયનો ઉપયોગ કરીએ છીએ. આનાથી અમને નિષ્પક્ષ, કુશળ નિર્ણયો લેવામાં મદદ મળે છે જે અમારા વ્યવસાયને લાભ પહોંચાડે છે. અમે તકરારોનો સક્રિયપણે ઉકેલ લાવીએ છીએ જેથી કરીને અન્ય લોકો અમારા નિષ્પક્ષ નિર્ણય પર આધાર રાખી શકે.**



## અમે કેવી રીતે કામ કરી આપીએ છીએ.

- અમે એવી પરિસ્થિતિઓ અને પ્રવૃત્તિઓને ટાળીએ છીએ જ્યાં વ્યક્તિગત હિતો અમારા નિર્ણયોમાં દખલ કરી શકે (અથવા દખલ કરે તેવું લાગે).
- જેની સાથે અમારો ગાઢ વ્યક્તિગત સંબંધ છે તેની અમે દેખરેખ રાખતા નથી. અમે આવી કોઈપણ વ્યક્તિને કામે રોકવા અથવા તેના વળતર અંગેના નિર્ણયોને પણ પ્રભાવિત કરતા નથી.
- આપણી કોઈ સ્પર્ધક દ્વારા રોજગારી ન હોવી જોઈએ અથવા તેમાં નોંધપાત્ર વ્યાપારી હિત ન હોવું જોઈએ.
- અમે સમજીએ છીએ કે અમારા કામ દરમિયાન ઉદ્ભવતી વ્યાપાર તકો McCainની છે, અમારી નહીં.
- અમે વાર્ષિક ધોરણે અને જેમ-જેમ ઉદ્ભવે છે તેમ બધા વાસ્તવિક અથવા સંભવિત હિતોના સંઘર્ષો જાહેર કરીએ છીએ.

# સારી નૈતિકતા.

વ્યક્તિગત હિતો પારિવારિક અથવા નજીકના સંબંધો, બહારના નાણાકીય હિતો (બહારની રોજગાર સહિત) અથવા કોર્પોરેટ તકો સાથે સંબંધિત હોઈ શકે છે.

હિતોનો વાસ્તવિક અથવા સંભવિત સંઘર્ષ છે કે કેમ તે ધ્યાનમાં લેતી વખતે, સ્વયંને નીચેના પ્રશ્નો પૂછો. શું તમે અથવા તમારા નજીકના સંબંધી:

- વાસ્તવિક અથવા સંભવિત સ્પર્ધક, માલ અથવા સેવાઓના સપ્લાયર, ઉત્પાદક, વિતરક, એજન્ટ અથવા ગ્રાહકમાં વ્યવસાયિક હિત છે અથવા તેના માટે કામ કરે છે?
- McCainના વ્યવસાયને અસર કરી શકે તેવી ક્ષમતામાં કોઈપણ સરકારી સત્તા માટે કામ કરે છે?
- એ પણ McCain માટે કામ કરે છે?

જ્યાં સુધી તે જાહેર કરવામાં આવે ત્યાં સુધી ઘણીવાર સંઘર્ષનું સંચાલન કરી શકાય છે. જો તમને શંકા હોય કે તમારા હિતોનો વાસ્તવિક અથવા સંભવિત સંઘર્ષ થઈ શકે છે, તો હ્યુમન રિસોર્સીસ અથવા કાનૂની અને અનુપાલન ટીમોના સભ્યને જાણ કરો.

### વધારાનાં સંસાધનો

- વૈશ્વિક પ્રાપ્તિ નીતિ
- બહારની ડિરેક્ટરશિપની નીતિ
- સપ્લાયરની આચાર સંહિતા

# સારો વ્યવસાય.

**પ્ર** **આપણે એવી કંપનીને ઝડપથી જોડવાની જરૂર છે જે કર્મચારી કરાર સેવાઓ પ્રદાન કરે છે. મારી દીકરી એક કંપનીની માલિકી ધરાવે છે જે આ સેવા પૂરી પાડે છે અને આપણને સારો સોદો ઓફર કરશે. શું હું તેની કંપનીને હાયર કરી શકું?**

**જ** *તમારી દીકરીની કંપનીને હાયર કરવાથી હિતનો સંઘર્ષ થઈ શકે છે. તમારા મેનેજરને તમારા સંબંધો વિશે જણાવો અને પસંદગી પ્રક્રિયામાંથી પોતાને દૂર કરો. જ્યાં સુધી તમે અંતિમ નિર્ણયને પ્રભાવિત કરવાની (અથવા પ્રભાવિત થતા બતાવતી) સ્થિતિમાં ન હોવ ત્યાં સુધી તમારી દીકરીની કંપની અન્ય વિક્રેતાઓ સાથે સ્પર્ધા કરવા સક્ષમ બની શકે છે.*

**પ્ર** **મને એક સ્થાનિક સંસ્થાના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં શામેલ થવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. શું મારે તેને જાહેર કરવાની જરૂર છે?**

**જ** *કૃપા કરીને બહારની ડિરેક્ટરશિપ નીતિનો સંદર્ભ લો. તમારી ભૂમિકા અને સંસ્થાની પ્રકૃતિના આધારે, તમે આમંત્રણ સ્વીકારો તે પહેલાં તમારે સંભવતઃ જાહેર કરવાની અથવા મંજૂરીઓ મેળવવાની જરૂર પડશે.*



# નિષ્પક્ષ રીતે સ્પર્ધા કરવી.

**અમે અમારી તકોના મૂલ્ય અને અમારાં લોકોની પ્રતિભા પર સ્પર્ધા કરીએ છીએ - અને ક્યારેય અનૈતિક માધ્યમથી નહીં.**



## તે શા માટે મહત્ત્વનું છે.

**McCain કટ્ટર અને વાજબી સ્પર્ધા માટે પ્રતિબદ્ધ છે. અમે સ્પર્ધા સંબંધી કાયદાઓનું શાબ્દિક વ્યાખ્યા/શબ્દાવલિ અને આશય/ઉદ્દેશ્યો બંનેમાં પાલન કરીએ છીએ. સંકળાયેલા પરિણામોને જોતાં, અમે સમજીએ છીએ કે આ કાયદાઓના ઉલ્લંઘનથી કંપનીને ક્યારેય ફાયદો થતો નથી.**



## અમે કેવી રીતે કામ કરી આપીએ છીએ.

- અમે અમારી સ્પર્ધા સંબંધી કાયદાની નીતિને ખંતપૂર્વક અનુસરીએ છીએ. જો અમને ખાતરી ન હોય કે કોઈ કાર્યવાહી કાયદેસર છે કે કેમ તો તે અંગે અમે કાનૂની અને અનુપાલન ટીમના સભ્યનો સંપર્ક કરીએ છીએ.
- અમે અમારા સ્પર્ધકોથી સ્વતંત્ર રીતે વ્યવસાયિક નિર્ણયો લઈએ છીએ.
- અમે સ્પર્ધકો સાથે કિંમતો, કરારની શરતો, બિડિંગ, બજારોનું વિભાજન, સામૂહિક બહિષ્કાર, ઉત્પાદન મર્યાદિત કરવા અથવા સ્પર્ધાત્મક રીતે સંવેદનશીલ હોય તેવી અન્ય કોઈપણ બાબત વિશે ક્યારેય ચર્ચા કરતા નથી.
- અમે અયોગ્ય અથવા ગેરકાયદેસર ચર્ચા કરવાના સ્પર્ધકોના પ્રયાસોની જાણ તરત જ કાનૂની અને અનુપાલન ટીમના સભ્યને કરીએ છીએ.
- અમે સ્પર્ધાત્મક માહિતી મેળવવા માટે ક્યારેય ગેરકાયદેસર અથવા અયોગ્ય ક્રિયાઓનો ઉપયોગ કરતા નથી.
- અમને પ્રાપ્ત થતી કોઈપણ સ્પર્ધાત્મક સામગ્રીના આધારે અમે સ્રોત અને તારીખનું દસ્તાવેજીકરણ કરીએ છીએ.
- અમે સુનિશ્ચિત કરીએ છીએ કે અમે અમારા વ્યવસાય અને અમારા સ્પર્ધકો વિશે અમે જે કંઈપણ કહીએ છીએ અથવા લખીએ છીએ તેનો સ્વર વ્યાવસાયિક હોય. અમે એવી ભાષાનો ઉપયોગ કરતા નથી કે જે સ્પર્ધા વિરોધી વર્તનને પ્રોત્સાહન આપે છે અથવા તૃતીય પક્ષોને અપમાનિત કરે છે.

# સારી નૈતિકતા.

વેપાર સંગઠનની મીટિંગ અને ઉદ્યોગ પરિષદો મારફતે અમે નવા વિકાસો, વલણો અને સામાન્ય ચિંતાઓથી વાકેફ રહીએ છીએ. જોકે, અમારા સ્પર્ધકો ત્યાં હોવાથી, આ મેળાવડા જોખમી હોઈ શકે છે. અમે હંમેશાં ધ્યાન રાખીએ છીએ કે સ્પર્ધકો સાથે વાત કરતી વખતે કંઈપણ "ઑફ ધ રેકોર્ડ" ન હોય. અમે સ્પર્ધાત્મક વિરોધી ચર્ચાઓમાં ભાગ લેવાથી ઇનકાર કરીએ છીએ.

# સારો વ્યવસાય.

પ્ર

**હું આજે સવારે એક વેપાર સંગઠનની મીટિંગમાં હતો/હતી. અમારા સ્પર્ધકોમાંના એકે કરારની કલમો શેર કરવાનું શરૂ કર્યું જેને ગ્રાહકો વારંવાર પાછા ખેંચે છે. તેઓએ સૂચવ્યું કે અમે બધા વિતરણ દરો અને દંડ જેવા મુદ્દાઓ પર અડગ રહીએ. જો અમે સંમત થઈએ, તો અમારામાંથી કોઈએ દંડ ચૂકવવો પડશે નહીં. મને નહોતું લાગતું કે તે ગ્રાહકો માટે યોગ્ય છે, તેથી હું ચર્ચાથી દૂર રહ્યો/રહી. શું મેં બરાબર કર્યું?**

જ

*તમે ભાગ ન લેવા માટે યોગ્ય હતા, પણ તે પૂરતું નથી. આવા કિસ્સાઓમાં, "દૃશ્યમાન અને સંપૂર્ણ અસ્વીકાર" મહત્ત્વપૂર્ણ છે. દૃશ્યમાન અને સંપૂર્ણ અસ્વીકાર એ ત્રણ પગલાંઓ સમાવે છે:*

1. *મોટેથી ઘોષણા કરો કે તમે મીટિંગ છોડી રહ્યા છો અને શા માટે.*
2. *વિનંતી કરો કે મીટિંગના રેકોર્ડ્સ તમારી ચિંતા અને તમારા પ્રસ્થાનને પ્રતિબિંબિત કરે છે.*
3. *કાનૂની અને અનુપાલન ટીમના સભ્યને તરત જ જાણ કરો.*

**વધારાનાં સંસાધનો**

- સ્પર્ધા સંબંધી કાયદાના અનુપાલનની નીતિ
- સ્પર્ધા સંબંધી કાયદાની માર્ગદર્શિકા

# સ્પર્ધાત્મક માહિતી ભેગી કરવી.

**અમે અમારી સ્પર્ધા સંબંધી કાયદાની નીતિને ખંતપૂર્વક અનુસરીએ છીએ. જયારે અમને ખાતરી ન હોય કે કોઈ કાર્યવાહી કાયદેસર છે કે કેમ તો તે અંગે અમે કાનૂની અને અનુપાલન ટીમના સભ્યનો સંપર્ક કરીએ છીએ.**

**આ કરવું:**

- જાહેરમાં ઉપલબ્ધ માહિતી પર આધાર રાખવો. આમાં પ્રકાશિત લેખો, નિયમનકારી ફાઇલિંગ અને પ્રતિષ્ઠિત ઑનલાઇન પોસ્ટ્સનો સમાવેશ થાય છે
- બજાર સંશોધન સીધા અથવા બાહ્ય એજન્સીઓ દ્વારા હાથ ધરવું
- તમે જે એકત્રિત કરો છો તેના સ્રોત અને તારીખને દસ્તાવેજીકૃત કરવી
- જો ચોક્કસ ન હોવ તો કાનૂની અને અનુપાલન ટીમના સભ્યનો સંપર્ક કરો

**આ ન કરવું:**

- ગેરકાયદેસર અથવા અનૈતિક રીતે માહિતી મેળવવામાં આવી હોય તો શોધવી અથવા સ્વીકારવી
- નોકરીના અરજદારો અથવા કર્મચારીઓ પાસેથી સ્પર્ધક વિશેની ગોપનીય અથવા માલિકીની માહિતી સ્વીકારવી



# ભ્રષ્ટાચાર અને લાંચ રોકવી.

**અમે લાંચ કે ભ્રષ્ટાચાર સાથે સંકળાયેલા કોઈપણ વર્તનમાં સામેલ થતા નથી.**

## તે શા માટે મહત્ત્વનું છે.

**લાંચ અને ભ્રષ્ટાચાર ગેરકાયદેસર છે. અમે લાંચ અને ભ્રષ્ટાચારને અટકાવીને અમારા વિશ્વાસ અને અધિકૃતતાનાં મૂલ્યોને જીવીએ છીએ. અમારે ભલે એક કિંમત ચૂકવવી પડે અથવા અમે એક તક ગુમાવીએ તો પણ અમે આ કરીએ છીએ. કોઈપણ લાભ અમારાં મૂલ્યોના બલિદાન માટે પાત્ર નથી.**



## અમે કેવી રીતે કામ કરી આપીએ છીએ.

- એક અયોગ્ય લાભ મેળવવા માટે અમે ક્યારેય કોઈને કંઈપણ મૂલ્યવાન આપતા નથી, ઑફર કરતા અથવા વચન આપતા નથી.
- જો રકમ નાની, સામાન્ય અથવા અપેક્ષિત હોય તો પણ અમે સુવિધા ચુકવણીઓ ચુકવતા નથી.
- અમે સુનિશ્ચિત કરીએ છીએ કે ગિફ્ટ્સ, ભલે આપવામાં આવે કે પ્રાપ્ત કરવામાં આવે, તે હંમેશાં યોગ્ય હોય છે. અમે પ્રાપ્તકર્તાને ક્યારેય ઉદારતાપૂર્વક આપતા નથી અથવા અયોગ્ય રીતે પ્રભાવિત કરતા નથી.
- અમે ક્યારેય મનોરંજન અથવા ભેટ-સોગાદમાં સામેલ થતા નથી જે ગેરકાયદેસર અથવા અયોગ્ય હોય અથવા જેના કારણે પ્રાપ્તકર્તા તેમની પોતાની નીતિઓનું ઉલ્લંઘન કરે.
- અમે ચુકવણીનું કારણ સમજીએ છીએ. અમે પુષ્ટિ કરીએ છીએ કે તે કાયદેસર છે અને સત્તા મર્યાદાઓ સંબંધી વૈશ્વિક નીતિ અનુસાર મંજૂર કરેલ છે.
- અમે બધા વ્યવહારોનો સચોટ અને સંપૂર્ણ રેકોર્ડ રાખીએ છીએ.
- અમે જાણીએ છીએ કે તૃતીય પક્ષને જોડવાથી લાંચ અને ભ્રષ્ટાચારનું જોખમ વધી શકે છે. અમારા વતી કાર્ય કરવા માટે તૃતીય પક્ષોને હાયર કરતી વખતે અમે સાવચેત રહીએ છીએ.
- અમે ક્યારેય તૃતીય પક્ષનો એવું કંઈપણ કરવા માટે ઉપયોગ કરતા નથી અથવા પરવાનગી આપતા નથી કે જે અમે જાતે ન કરી શકીએ.
- અમે જાણીએ છીએ કે સરકારો સાથેના વ્યવહારો ખાસ કાનૂની નિયમો દ્વારા આવરી લેવામાં આવે છે. તે ખાનગી કંપનીઓ સાથે વ્યવસાય કરવા સમાન નથી.
- અમે કાનૂની અને અનુપાલન ટીમના સભ્યને માર્ગદર્શન માટે કહીએ છીએ અને કોઈપણ ચિંતા/બાબતની જાણ કરીએ છીએ.

# સારી નૈતિકતા.

જ્યારે આપણે તૃતીય પક્ષકારોનો ઉપયોગ કરીએ છીએ ત્યારે લાંચ અને ભ્રષ્ટાચારના જોખમો વધુ હોઈ શકે છે. આમાં તે એજન્ટો અને કોઈપણ પક્ષોનો સમાવેશ થાય છે જેઓ અમારાં ઉત્પાદનો વેચે છે અથવા અમારા વતી કાર્ય કરે છે. અમે તેમને શામેલ કરતા પહેલાં યોગ્ય ખંત કરીએ છીએ. આ સુનિશ્ચિત કરે છે કે તેઓ નૈતિકતાના સમાન ઉચ્ચ ધોરણોનું પાલન કરે છે જે અમે કરીએ છીએ.

# સારો વ્યવસાય.

**પ્ર**

**હું પ્રાપ્તિમાં કામ કરું છું. એક જનરલ કોન્ટ્રાક્ટર કે જેને અમે તાજેતરના પ્રોજેક્ટ માટે પસંદ કર્યો ન હતો તે એરપોર્ટ પર મારી પાસે આવ્યો. તેણે પૂછ્યું કે શું મેં ક્યારેય મારો પોતાનો વ્યવસાય શરૂ કરવા વિશે વિચાર્યું છે અને કહ્યું કે જો હું કરું તો તે રોકાણ કરે એવું શક્ય છે. મને લાગે છે કે તે મને માખણ લગાડવાનો પ્રયાસ કરી રહ્યા હતા, જેથી અમે તેને આગામી પ્રોજેક્ટ માટે પસંદ કરીએ. મેં તેમને કહ્યું કે મને રુચિ નથી. શું મેં મારે કરવું જોઈએ તે બધું કર્યું?**

**જ**

*જોડાયા નહીં તે યોગ્ય હતું. જોકે, તમારે તમારા મેનેજર અથવા કાનૂની અને અનુપાલન ટીમના સભ્યને પણ જણાવવું પડે. જો વિક્રેતા તમારો ફેવર જીતવાના પ્રયાસમાં ઑફર કરી રહ્યા હોય, તો તે અન્ય અનૈતિક રીતે પણ વ્યવસાય કરી શકે છે. તે ખાસ કરીને જોખમી છે કારણ કે સામાન્ય કોન્ટ્રાક્ટર McCain માટે અન્ય લોકોને વારંવાર હાયર કરવા માટે જવાબદાર હોય છે! આપણે જાણવું જોઈએ કે આગળ જતા આ વિક્રેતા સાથે જોડાવું નહીં.*

## વધારાનાં સંસાધનો

- ભ્રષ્ટાચાર વિરોધી વૈશ્વિક નીતિ
- વૈશ્વિક પ્રાપ્તિ નીતિ
- સપ્લાયરની આચાર સંહિતા
- સત્તા મર્યાદાઓ સંબંધી વૈશ્વિક નીતિ

# મુખ્ય શરતો.

લાંચ અને ભ્રષ્ટાચારને સમજવામાં તમારી મદદ કરવા માટે અહીં કેટલીક મહત્ત્વપૂર્ણ વ્યાખ્યાઓ આપી છે.

**લાંચ** – વ્યવસાયના નિર્ણયને અયોગ્ય રીતે પ્રભાવિત કરવા અથવા અયોગ્ય લાભ મેળવવા માટે ઑફર કરવામાં આવતી મૂલ્યવાળી કોઈપણ વસ્તુ છે.

**સુવિધા ચુકવણી** – વ્યવહારને સુરક્ષિત કરવા અથવા ઝડપી બનાવવા માટે ઑફર કરાયેલ મૂલ્યવાળી કોઈપણ વસ્તુ છે. આમાં ઝડપી પરવાનગી મેળવવા માટે સરકારી અધિકારીને ચુકવણીનો પણ સમાવેશ થઈ શકે છે.

**સરકારી અધિકારી** – સરકારી ક્ષમતામાં કાર્ય કરવાની અથવા નિર્ણયો લેવાની ક્ષમતા ધરાવતી કોઈપણ વ્યક્તિનો સમાવેશ થાય છે. આમાં કોઈપણ સરકારી અધિકારી, કર્મચારી અથવા પ્રતિનિધિ શામેલ હોઈ શકે છે. તેમાં સરકારના કોઈપણ સ્તર, સુપ્રાનેશનલ અથવા આંતરરાષ્ટ્રીય સંસ્થા અથવા રાજ્યની માલિકીની અથવા નિયંત્રિત એન્ટરપ્રાઇઝ માટે સત્તાવાર ક્ષમતામાં કામ કરતી કોઈપણ વ્યક્તિનો સમાવેશ થાય છે. તેમાં આ બધાનો પણ સમાવેશ થાય છે: કાયદાકીય, વહીવટી અથવા ન્યાયિક અધિકારીઓ; કાયદાના અમલીકરણ; જાહેર હોસ્પિટલોના કર્મચારીઓ; જાહેર ઑફિસ માટે ઉમેદવારો; અને રાજકીય પક્ષ અથવા અન્ય જાહેર ભંડોળવાળી સંસ્થાના અધિકારીઓ. લાંચ અને ભ્રષ્ટાચારના સમાન નિયમો સરકારી અધિકારીઓના નજીકના પરિવારના સભ્યોને પણ લાગુ પડે છે.

**નજીવી કિંમત** – અયોગ્ય વ્યવસાય લાભ પ્રદાન કરવા માટે પ્રાપ્તકર્તાને પ્રભાવિત કરવાની અથવા પ્રભાવિત થવાની શક્યતા ન હોય તેવા માલ અથવા સેવાઓનું મૂલ્ય. ગિફ્ટ અને મનોરંજનના હેતુ માટે, McCain નજીવી મૂલ્યને CAD $100 અથવા તેનાથી ઓછા તરીકે વ્યાખ્યાયિત કરે છે. પ્રાદેશિક અથવા સ્થાનિક લીડરો જ્યાં યોગ્ય હોય ત્યાં ઓછી રકમ માટે નજીવી મૂલ્ય સેટ કરી શકે છે.

નજીવા મૂલ્યથી ઓછી રકમની ગિફ્ટના ઉદાહરણોમાં McCainની બ્રાન્ડવાળી સામગ્રીનો સમાવેશ થાય છે જે ગ્રાહકોને આપવામાં આવે છે, જેમ કે પેન, કૉફી મગ, પાણીની બૉટલ અને નોટબુક.

# રાજકીય પ્રક્રિયામાં ભાગ લેવો.

**અમે સમજીએ છીએ કે રાજકારણમાં વ્યક્તિગત ભાગીદારી આપણા સમુદાયોમાં ફરક લાવી શકે છે. એક કંપની તરીકે, અમે આ પ્રક્રિયામાં ખૂબ જ કાળજીપૂર્વક રીતે શામેલ થઈએ છીએ.**

## તે શા માટે મહત્ત્વનું છે.

**અમે માનીએ છીએ કે ખુલ્લી અને મજબૂત રાજકીય પ્રક્રિયા ન્યાયી અને વધુ ઉત્પાદક સમાજ બનાવે છે. અમે દરેક કર્મચારીને તેમની વ્યક્તિગત માન્યતાઓ વ્યક્ત કરવાના અધિકારને પણ સમર્થન આપીએ છીએ. જોકે, અમે McCain વતી રાજકીય પ્રવૃત્તિમાં સામેલ થતા નથી જ્યાં સુધી આમ કરવા માટે અધિકૃત ન હોય. અમે એવી છાપ આપતા નથી કે અમારી વ્યક્તિગત માન્યતાઓ McCain દ્વારા સમર્થન કરવામાં આવી છે.**



## અમે કેવી રીતે કામ કરી આપીએ છીએ.

- અમે હંમેશાં સ્પષ્ટ રહીએ છીએ કે અમારા રાજકીય મંતવ્યો અને કાર્યો એ અમારા પોતાના છે અને McCainના નથી.
- અમે McCainના પ્રમુખ અને CEOની અધિકૃતતા વિના McCain વતી કોઈપણ પ્રત્યક્ષ કે પરોક્ષ રાજકીય યોગદાન આપતા નથી. આમાં રાજકીય પ્રવૃત્તિઓ માટે McCain સંસાધનો અથવા સુવિધાઓને ઉપયોગમાં લેવાનો સમાવેશ થાય છે.
- જો અમે રાજકીય પદ માટે ચૂંટણી લડીએ છીએ, તો હિતના કોઈપણ સંભવિત સંઘર્ષોને ટાળવા માટે અમે સ્થાનિક બાહ્ય બાબતોની ટીમને જાણ કરીએ છીએ.

## સારો વ્યવસાય.

**પ્ર** **મારા મિત્ર જાહેર પદ માટે ચૂંટણી લડી રહ્યા છે. શું હું કેમ્પેનમાં મદદ કરી શકું?**

**જ** *હા. તમારી વ્યક્તિગત પ્રવૃત્તિ એ તમારે જોવાનું છે, પરંતુ તમે પરવાનગી વિના McCain સંસાધનોનો ઉપયોગ કરી નહીં શકો. તમે કેમ્પેનને આગળ વધારવા માટે McCain નામનો કોઈ પણ રીતે ઉપયોગ કરી નહીં શકો.*



# અમારો વૈશ્વિક સમુદાય.

પર્યાવરણનું રક્ષણ કરવું અને ટકાઉપણાને પ્રોત્સાહન આપવું

માનવ અધિકારોનો આદર કરવો

અમારા સમુદાયોને સમર્થન આપવું

# પર્યાવરણનું રક્ષણ કરવું અને ટકાઉપણાને પ્રોત્સાહન આપવું.

**હવે અને આવનારી પેઢીઓ માટે ટકાઉ ભવિષ્યની ખાતરી કરવા માટે અમે જવાબદારીપૂર્વક રીતે આહારનું ઉત્પાદન કરીએ છીએ.**

એક વ્યવસાયના રૂપમાં ટકાઉપણું અમારા ઉદ્દેશ્યના કેન્દ્રમાં છે. અમારી આહાર સિસ્ટમને વધુ ટકાઉ અને સ્થિતિસ્થાપક બનાવવાનો કેસ ક્યારેય વધુ આકર્ષક રહ્યો નથી. McCain ખાતે, આનો અર્થ એ છે કે અમારી આબોહવાની અસરમાં ઘટાડો કરવો અને અમે જ્યાં કામ કરીએ છીએ તે સમુદાયોને સમર્થન આપવું. અમારા ભાગીદારો અને ઉત્પાદકો સાથે મળીને, અમે નવીનતા લાવી શકીએ છીએ, પડકારોનો સામનો કરી શકીએ છીએ અને સકારાત્મક પરિવર્તન લાવી શકીએ છીએ.



# માનવ અધિકારોનો આદર કરવો.



**અમે માનવ અધિકારોનો આદર કરવા અને કોઈપણ નકારાત્મક અસરોને ઘટાડવા માટે પ્રતિબદ્ધ છીએ. અમારા માટે જરૂરી છે કે અમારા વ્યવસાયિક ભાગીદારો આ પ્રતિબદ્ધતામાં ભાગીદાર બને.**

અમે અમારા પોતાના કાર્યબળમાં અથવા અમારા વ્યવસાયિક ભાગીદારો દ્વારા આધુનિક ગુલામી અથવા માનવ અધિકારોના દુરુપયોગોને સાંખી લેતા નથી, જેમ કે બળજબરીથી મજૂરી કરાવવી અથવા બાળ મજૂરી કરાવવી, અથવા માનવ તસ્કરી કરાવવી. અમારાં મૂલ્યો અનુસાર કાર્ય કરીને, અમે જે પણ કરીએ છીએ તેમાં માનવ અધિકારોનું રક્ષણ કરીએ છીએ.

# અમારા સમુદાયોને સમર્થન આપવું.

**અમે જ્યાં રહીએ છીએ અને કામ કરીએ છીએ ત્યાંના સમુદાયોને આગળ વધવામાં મદદ કરીએ છીએ.**

ઘણા ઉત્પાદકો અને ગ્રામીણ વિસ્તારોમાં સ્થિત ફેસિલિટીઝ સાથે, અમે ઘણીવાર અમારા સમુદાયોમાં સૌથી મોટા નિયોક્તા (રોજગારદાતા) છીએ. નિયોક્તા (રોજગારદાતા) અને ભાગીદાર તરીકે અમે જે ભૂમિકા ભજવીએ છીએ તેના પર અમને ગર્વ છે. અમે આ સમુદાયોની સ્પર્ધાત્મકતા અને સ્થિતિસ્થાપકતામાં યોગદાન આપવા માટે પ્રતિબદ્ધ છીએ.



**વધારાનાં સંસાધનો**

- વૈશ્વિક પર્યાવરણીય નીતિ
- ટકાઉપણાના અહેવાલો
- સપ્લાયરની આચાર સંહિતા



# અમારાં સંસાધનો.

ક્રિયાઓ

# ક્રિયાઓ.

## પ્રશ્નો પૂછવા.

આપણી કંપની બોલવા માટે આપણામાંના દરેક પર આધાર રાખે છે. આનો અર્થ એ છે કે જ્યારે અમે યોગ્ય વસ્તુ કરવા માટે અચોક્કસ હોઈએ ત્યારે અમે પ્રશ્નો પૂછીએ છીએ અને મદદ માંગીએ છીએ. બોલવાથી અમને સમસ્યાઓને વહેલી ઓળખવામાં અને ઉકેલવામાં સક્ષમ બનાવીને અમને વધુ સારી કંપની બનાવે છે.

## ચિંતાઓની જાણ કરવી.

તે આવશ્યક છે કે આપણામાંના દરેક આપણી સંહિતા, આપણી નીતિઓ અથવા કાયદાના કોઈપણ સંભવિત ઉલ્લંઘનની જાણ કરે. જો તમને કોઈ ચિંતા હોય, તો તરત જ નીચેનામાંથી કોઈ એકને તેની જાણ કરવી:

- મેનેજર
- સ્થાનિક અથવા વૈશ્વિક માનવ સંસાધનના પ્રતિનિધિ
- કાનૂની અને અનુપાલન ટીમના સભ્ય

જો તમને લાગે કે ઉપરોક્તમાંથી કોઈ એકને જાણ કરવી એ યોગ્ય વિકલ્પ નથી, તો તમે નીચેના માધ્યમો દ્વારા તમારી ચિંતાઓ/બાબતો (અનામી રહેવાના વિકલ્પ સાથે) પણ જાણ કરી શકો છો:

- ઈમેલ: codeconnection@mccain.com. અમારી વૈશ્વિક અનુપાલન ટીમ દ્વારા આ ઈમેલનું નિરીક્ષણ કરવામાં આવે છે. ચિંતાની પ્રકૃતિ અને તેની તપાસ માટે જરૂરી પગલાંને જોતાં તમારી ચિંતાઓને શક્ય તેટલી ગોપનીય રાખવામાં આવે છે.
- આના પર ઑનલાઈન: www.mccain.ethicspoint.com
- એથિક્સ હેલ્પલાઇન: (જ્યાં ઉપલબ્ધ હોય) તૃતીય-પક્ષ કૉલ સેન્ટર. એથિક્સ હેલ્પલાઇન ફોન નંબર આગલા પૃષ્ઠ પર આપ્યા છે.



એથિક્સ હેલ્પલાઇન અને વેબસાઇટ બહુવિધ ભાષાઓમાં દિવસના 24 કલાક ઉપલબ્ધ છે. કેટલાક અધિકારક્ષેત્રોમાં, McCain એ સ્થાનિક જરૂરિયાતોને અનુરૂપ વ્હિસલબ્લોઅર નીતિઓ અપનાવી છે. જો લાગુ પડે તો, તો તમે તમારી સ્થાનિક નીતિ અનુસાર તમારી ચિંતાઓ પણ જણાવી શકો છો.



| દેશ | એથિક્સ હેલ્પલાઈન નંબર |
|---|---|
| આર્જેન્ટિના | 0800-444-9123 |
| ઑસ્ટ્રેલિયા | 1800 551-155 **પછી** 888-622-2468 |
| ઑસ્ટ્રિયા | 0800-298956 |
| બેલ્જિયમ | 0800-81-975 |
| બ્રાઝિલ | 0800-047-4158 |
| કેનેડા | 1-888-622-2468 |
| ચાઈના | 400-9-901-429 |
| કોલંબિયા | 01-800-5-1-80529 |
| ફ્રાન્સ | 0800-94-86-69 |
| જર્મની | 0800-7243506 |
| ઈટલી | 800-902-912 |
| જાપાન | 0120-914-144 |
| કોરિયા | 00744828 |
| મલેશિયા | 0154-600-0006 |
| મેક્સિકો | 18002530411 |
| નેધરલેન્ડ્સ | 0800-020-0781 |
| ન્યૂઝીલેન્ડ | 000-911 8886222468 **અથવા** 0800 753 253 |
| પોલેન્ડ | 800-702-828 |
| દક્ષિણ આફ્રિકા | 0800-000503 |
| સ્પેન | 900-822-569 |
| સ્વીડન | 020-79-4272 **અથવા** 020-79-0359 |
| યુનાઈટેડ કિંગડમ | 0800-028-6914 |
| યુનાઈટેડ સ્ટેટ્સ | 1-888-622-2468 |

અમારી સંહિતાના કોઈપણ સંભવિત ઉલ્લંઘનની યોગ્ય તપાસ કરવામાં આવશે. કોઈપણ તપાસમાં સંપૂર્ણ અને સત્યતાપૂર્વક સહકાર આપવાની દરેક કર્મચારીની જવાબદારી છે. કોઈપણ કર્મચારી જે સહકાર નથી આપતા તે શિસ્તભંગના પગલાંને પાત્ર હોઈ શકે છે.

## પ્રતિશોધ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા.

જ્યારે કંઈક ખોટું હોય ત્યારે બોલવા માટે હિંમતની જરૂર પડે છે. અમે ચિંતા વ્યક્ત કરવા અને સંભવિત ઉલ્લંઘનોની જાણ કરવા માટે અમારા બધા કર્મચારીઓ પર આધાર રાખીએ છીએ. નિશ્ચિંત રહો કે કંપની સદ્ભાવનાથી ચિંતાઓની જાણ કરનારા કર્મચારીઓ સામે કોઈપણ પ્રકારના પ્રતિશોધને સાંખી લેતા નથી. જે કર્મચારીઓ તપાસને સમર્થન આપે છે તેઓને પણ પ્રતિશોધથી સુરક્ષિત કરવામાં આવે છે. જો તમે પ્રતિશોધનો અનુભવ કરો છો, તો તરત જ આ બાબતની જાણ કરો.



## છૂટ.

જૂજ સંજોગોમાં, અમારી સંહિતાને અનુસરવાથી નોંધપાત્ર મુશ્કેલી થઈ શકે છે. તે પરિસ્થિતિઓમાં, તમે અમારી સંહિતાથી છૂટછાટ આપવાની વિનંતી કરી શકો છો. જો તમને લાગે કે તમને છૂટછાટની જરૂર છે, તો કાનૂની અને અનુપાલન ટીમના સભ્યનો સંપર્ક કરો.

## સંસાધનો.

વૈશ્વિક અને પ્રાદેશિક નીતિઓ, ધોરણો અને માર્ગદર્શિકાઓ માટે તમારી સ્થાનિક HR અથવા કાનૂની ટીમનો સંપર્ક કરી શકો છો.



McCain

અમે McCain છીએ.